**647510** **BRSagrCC102A** Seat No :________

# B.R.S. Semester - 1 (*CBCS*) Examination
# Nov/Dec - 2022 (NEW COURSE)
# AGRONOMY(CORE-2)

**Time: 2:00 Hours** **Marks: 50**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો માગ્યા મુજબ જવાબ આપો. (૧૦)

1. વનસ્પતિના વિકાસ પર જમીનનો બાંધો, જમીનમાં પોષક તત્વોની લભ્યતા, સૂર્ય પ્રકાશ, ગરમી-ઠંડી, સેન્દ્રિય પદાર્થ, ઢાંકણ, પ્રાથમિક કણોનું સાપેક્ષ પ્રમાણ, આંતરખેડ અને ફુગ તેમજ બેક્ટેરિયા કઈ રીતે અસર કરે છે તે મુદાસર સમજાવો.
2. કપાસ, શેરડી, ધાણા, રજકો, ટામેટા, મગફળી, ચણા, રીંગણા, સરસવ, અને તમાકુના પાકના બીજને વાવતા પહેલા આપવામાં આવતી વિવિધ માવજતો વિષે સમજાવી, આ પાકો કઈ રીતે વાવવામાં આવે છે તે રીતો વિષે વિસ્તૃત માહિતી આપો.

પ્રશ્ન.૨ નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો માગ્યા મુજબ જવાબ આપો. (૧૦)

1. જમીનની ફળદ્રુપતા જાળવવામાં જમીનના જીવો, જમીનમાં હવાની અવર-જવર, પાકની ફેરબદલી અને મિશ્રપાક પદ્ધતિની ભૂમિકા ઉદાહરણ સાથે સમજાવો.
2. કઈ ખેડને ખાતર બરાબર ગણવામાં આવે છે? આ ખેડના હેતુ જણાવી, ઉભા પાકમાં કરવામાં આવતી ખેડથી થતા ફાયદાઓ જણાવી,બીજની વાવણી માટે જમીનની તૈયારી વિષે મુદાસર સમજાવો.

પ્રશ્ન.3 નીચેનામાંથી કોઈપણ ત્રણ ટૂંકનોંધ લખો. (૧૫)

1. જમીનની છિદ્રલતા
2. પાકની હાર અને છોડ વચ્ચેના અંતરને અસર કરતા પરિબળો
3. જમીનના જીવનું વર્ગીકરણ
4. જમીનમાંથી પાણીનો નિતાર ઘટવાના કારણો
5. વધારે પડતા પિયતથી થતું નુકશાન

પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (૧૫)

1. જમીનની પ્રતિક્રિયાનો આંક પાંચથી નીચે જાય અને સાતથી ઉપર જાય ત્યારે ફોસ્ફરસની લભ્યતા વધે કે ઘટે? શા માટે?
2. “વચલી ખેડ જમીન ઢાંકણનું કામ કરે છે” વિધાન ટૂંકમાં સમજાવો.
3. વધારાનું પાણી ખેતરમાંથી બહાર કાઢવાની ક્રિયાની પદ્ધતિઓ વિષે ટૂંકમાં જણાવો.
4. કેવા પ્રકારના ખાતરો પાકની જરૂરિયાત મુજબ એક કરતા વધારે હપ્તામાં આપવામાં આવે છે? મગફળી અને કપાસના પાકમાં આંતર ખેડ વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ?
5. “ભારે કાળી જમીન પોતે પોતાને ખેડે છે” વિધાન સમજાવો.
6. ખેડથી જમીનનું ધોવાણ કઈ રીતે અટકાવી શકાય? ખેડથી જમીનની ભેજધારણ શક્તિ કઈ રીતે વધે?
7. વારંવાર ખેડ કરવાથી થતા નુકશાન વિષે જણાવો.

******************************